## (C - 65) ગુરુગમ જ્ઞાન વિચાર

(રાગ–શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ)

કર લે ગુરુગમ જ્ઞાન વિચારા—કર લે૦
નામ અધ્યાતમ ઠવણ દ્રવ્યથી,
ભાવ અધ્યાતમ ન્યારા....કર લે૦ ૧

એક બુંદજળથી એ પ્રગટ્યા;
શ્રુતસાગર વિસ્તારા;
ધન્ય જિનોને ઉલટ ઉદધિકું,
એક બુંદમેં ડારા.....કર લે૦ ૨

બીજરુચિ ધર મમતા પરિહર,
લહી આગમ અનુસારા;
પરપખથી લખ ઈણવિધ અપ્પા,
અહિ કંચુક જિમ ન્યારા...કર લે૦ ૩

ભાસ પરત ભ્રમ નાસહુ તાસહું,
મિથ્યા જગત પસારા;
ચિદાનંદ ચિત્ત હોત અચળ ઈમ,
જિમ નભ ધ્રુકા તારા.....કર લે૦ ૪